પૂર્વછાયો- શુભમતિ સહુ સાંભળો, એમ બોલ્યા ભાવે ભગવંત ।
તે સુણી મુક્તાનંદજીએ, કહ્યું પોતાનું વરતંત ॥૧॥
અમે પણ શ્રીકૃષ્ણને, ભાવે ભજું છું ભગવાન ।
ગુરુની કૃપાએ કરી, વળી દેખું છું મૂર્તિમાન ॥૨॥
તે ગુરુ રામાનંદજી, ઉદ્ધવનો અવતાર ।
મુમુક્ષુને આશરવા, યોગ્ય નિશ્ચે નિરધાર ॥૩॥
તેની કૃપાએ કરી જન, દેખે ગોલોકાદિક ધામ ।
મોરલીધર શ્રીકૃષ્ણ જે, તે દેખે સમાધિએ શ્યામ ॥૪॥

ચોપાઇ- એતો કહી મેં બીજાની વાત, તમે તો દેખોછો સાક્ષાત ।
તેતો એમને વશ છે એહ, નથી એ વાતમાંહી સંદેહ ॥૫॥
વળી રામાનંદજીને શ્રીકૃષ્ણ, તેનાં પૃથક મ જાણજ્યો દ્રષ્ણ ।
એતો જીવોના કલ્યાણ કાજ, પોતે સ્વયં કૃષ્ણ રહ્યા છે આજ ॥૬॥
ગુરુ ઉદ્ધવ વિના નથી અન્ય, તે છે ભાગવતમાં વચન ।
ઇચ્છ્યા આલોક તજવા કાજે, ત્યારે વિચાર્યું કૃષ્ણ મહારાજે ॥૭॥
મારું જ્ઞાન હું કેને આપીશ, જ્ઞાનાચાર્ય તે કેને સ્થાપીશ ।
જોતાં દીઠા ઉદ્ધવજી એક, આપ્યું છે જ્ઞાન કરી વિવેક ॥૮॥
ઉદ્ધવ મારા આત્મા ગણું, નથી મુજથી ન્યુન એ અણું ।
એમ કહિ ઉદ્ધવને જ્ઞાન, આપી થયા છે અંતરધાન ॥૯॥
તે ઉદ્ધવ તે જ રામાનંદ, તેના અમે છીએ વર્ણિઇંદ ।
કરીએ છીએ શ્રીકૃષ્ણ ભજન, એવાં સુણ્યાં વર્ણિએ વચન ॥૧૦॥
પછી સાંભળી આવી એ વાત, જે કહી હતી પોતાને તાત ।
જાણ્યા ઉદ્ધવ તે રામાનંદ, ક્યારે મળે ને પામું આનંદ ॥૧૧॥

મળે તો સેવાએ કરૂં પ્રશ્ન, તો મળે પ્રત્યક્ષ મને કૃષ્ણ ।
કહે મુક્તાનંદ પ્રત્યે હરિ, મને જાણજયો તમારો કરી ॥૧૨॥
જેજે હોય હેતનાં વચન, કહેજયો મને થઈ ને પ્રસન્ન ।
તેતે તમે કરજયો ઉપાય, જેણે સદ્ય સ્વામીને મળાય ॥૧૩॥
એમ કહી કહ્યું નિજવ્રતંત, તેને સાંભળી બોલીયા સંત ।
જાણ્યું છે બ્રાહ્મણમાં જનમ, કર્યાં છે અતિ તપ વિષમ ॥૧૪॥
પછી સૌવે કહ્યું ધન્ય ધન્ય, તમને થાશે સ્વામીનાં દર્શન ।
હમણાં સ્વામી છે ભુજનગર, સુંદર મૂર્તિ જે મનોહર ॥૧૫॥
તે આવશે જ્યારે દેશ આણે, થાશે દર્શન સૌને તે ટાણે ।
હમણાં ન કરો જાવાનો ઘાટ, માનો વચન જુવો તમે વાટ ॥૧૬॥
એવાં સુણી સાધુનાં વચન, રહ્યા તિયાં સ્થિર કરી મન ।
કરે સાધુની સેવા અપાર, નિત્ય પ્રત્યે કરી બહુ પ્યાર ॥૧૭॥
જોઈ સેવાવૃત્તિ તે અત્યંત, કરે હેત સહુ મળી સંત ।
પોતાને તો ભક્તિ અતિ રજે, આપતકાળે ધર્મ ન તજે ॥૧૮॥
શીત ઉષ્ણ વરસાતનાં દુઃખ, સહે શરીરે પ્યાસ ને ભૂખ ।
તેને જોઈને સરવે જન, પામે વિસ્મય પોતાને મન ॥૧૯॥
એમ કરતાં ચૈત્રમાસ ગીયો, સંદેશો સ્વામીનો ન આવિયો ।
ત્યારે થયા અતિશે ઉદાસ, ન થયું દ્રષ્ણ મેલે નિશ્વાસ ॥૨૦॥
સર્વે સંતને કહે શિશ નામી, ક્યારે મળશે રામાનંદ સ્વામી ।
વિત્યો વાયદો નાવ્યા દયાળ, મારાં ભાગ્ય કઠણ આ કાળ ॥૨૧॥
એમ કહી ભરે નયણે નીર, દર્શન વિના દિલે દિલગીર ।
એમ કરતાં વિતે દિનરાત, કરે વૈરાગ્ય ત્યાગની વાત ॥૨૨॥
સર્વે સંત કરેછે વિચાર, કેમ રહેશે આ જાગ્ય મોઝાર ।
આવા વૈરાગ્યવાન ન કોઈ, આવે લાજ એની દશા જોઈ ॥૨૩॥
જાય સ્નાન કરવાને જ્યારે, પાછું મંદિર ન અવાય ત્યારે ।
વાટે કાંટા કાંકરા ને ઠેસ, ન દેખાય દૃષ્ટિ અનિમેષ ॥૨૪॥
ન રહે નિજદેહ સંભાળ, તોય બોલે દયાએ દયાળ ।

કહે મન જીવેશ્વર એને, દેખું છું હું માયા બ્રહ્મ તેને ॥૨૫॥
નથી કોઈ મુજથી અકળ, જાણું જેમ હથેળીનું જળ ।
જ્યાં જ્યાં જાય છે મન તમારું, તે પણ નથી અજાણ્યું અમારું ॥૨૬॥
એવી વાત કરે હરિ જ્યારે, સર્વે સંત સત્ય કહે ત્યારે ।
રહે પોતાને સહજ સ્વભાવ, અતિ નારી તણો તે અભાવ ॥૨૭॥
આવે નારી તણો ગંધ જ્યારે, રહે નહિ પેટે અન્ન ત્યારે ।
અતિ દ્રવ્ય ત્રિય તન ત્યાગ, વળી અંગે અત્યંત વૈરાગ્ય ॥૨૮॥
વળી વળી કરે એમ વાતું, દ્રષ્ણ સ્વામીનું કેમ નથી થાતું ।
જ્યારે મળશે સ્વામી રામાનંદ, ત્યારે મનમાં માનીશ આનંદ ॥૨૯॥
કહે મુક્તાનંદને ભગવાન, તમે કરોને સ્વામીનું ધ્યાન ।
તમારી વૃત્તિમાં મેલી વૃત્તિ, જોઉં સ્વામી શ્રીજીની મૂરતિ ॥૩૦॥
પછી સંતે ધર્યું જ્યારે ધ્યાન, તેને ભેળું જોયું ભગવાન ।
ત્યારે દીઠા રામાનંદ સ્વામી, થયા રાજી રહિ નહિ ખામી ॥૩૧॥
દીઠા કંજ અરૂણવર્ણ પાય, રૂડી ઉર્ધ્વરેખા છે તેમાંય ।
જમણા અંગોઠાને નખે રેખ, તેતો શોભે છે વળી વિશેખ ॥૩૨॥
કરભ સરખી શોભા ઉરતણી, વળી નાભી ગંભીર છે ઘણી ।
મૂર્તિ પુષ્ટ છે મહારાજ કેરી, વળી શ્વેત ધોતી દીઠી પહેરી ॥૩૩॥
ગૌરવાન છે મૂરતિ સારી, મોટી ફાંદે શોભે સુખકારી ।
પડે વળ ત્રણ ત્યાં વિશાળ, ઉર ઓપે છે તરુતમાલ ॥૩૪॥
તિયાં શોભે સુંદર રોમરાજી, કંઠે કમળમાળા રહી વિરાજી ।
ભુજ ગજસુંઢસમ શોભે, ઓપે અરુણ પંકજ પોંચા ઉભે ॥૩૫॥
જેમ કંજની શોભે કળિયો, તેમ શોભે છે હાથઆંગળીયો ।
થડે જાડી ઉપર પાતળી, એવી દીઠી મેં દશે આંગળી ॥૩૬॥
નખ આવલી શોભે છે ઘણી, જાણ્યું હાર બણી મણિતણી ।
કંઠ કંબુસમાન છે એવું, મુખ શોભે પૂરણ શશિ જેવું ॥૩૭॥
તિયાં દીઠા અધર પ્રવાળ, દંત દાડ્યમકળિ રસાળ ।
સઈ કહું તે શોભા મુખની, શોભે નાસિકા ચંચુ શુકની ॥૩૮॥

નયણાં કમળદળ વિશાળ, ભર્યાં કરુણારસે રસાળ ।
અતિ ભ્રકુટિ ભાલ વિરાજે, ત્યાં ઉર્ધ્વપુંડ્ર તિલક રાજે ॥૩૯॥
રહ્યા છોટાછોટા શ્રવણ શોભી, દીઠી શિશપર શિખા ઉભી ।
માથે ઓઢી છે ધોળી પછેડી, કરુણારસ રહ્યા છે રેડી ॥૪૦॥
કૃપાએ જોઈ રહ્યા છે સામું, પુરે છે નિજજનની હામું ।
હસતાં ખાડા પડે છે બે ગાલે, વળી ચાલે છે સુંદર ચાલે ॥૪૧॥
ચરણે ચાલતાં ચમકે ચાખડી, હાથે છે નીલા રંગની છડી ।
એવી મૂર્તિ દીઠી મનોહર, શોભાસાગર સુખ સુંદર ॥૪૨॥
ત્યારે સંત કહે સત્ય વાત, એતો સ્વામી શ્રીજી છે સાક્ષાત ।
તમે આપો છો જે જે એંધાણ, તેમજ છે પ્રત્યક્ષ પ્રમાણ ॥૪૩॥
જેવું છે રામાનંદજીનું રૂપ, તેવું તમેજ કહ્યું સ્વરૂપ ।
તમે દીઠી છે જેવી મૂરતિ, તેમાં ફેર નથી એક રતિ ॥૪૪॥
યથારથ મૂરતિ છે જેવી, તમે પણ દિઠી પ્રભુ તેવી ।
ત્યારે બોલ્યા હરિ એમ વળી, તમે સુણો સંત સહુ મળી ॥૪૫॥
સ્વામી રામાનંદજીનું પંડ, તેને દેખું છું ધ્યાને અખંડ ।
પણ મળશે પ્રત્યક્ષ પ્રમાણ, ત્યારે ટળશે અંતરે તાણ ॥૪૬॥
એમ કહી થાય દિલગીર, વળી ભરે નયણમાં નીર ।
એમ ચરિત્ર કરે અવિનાશી, જોઈ સંત રહે છે વિમાશી ॥૪૭॥
કહે આ છે કોઈક સમર્થ, એતો આવ્યા છે આપણે અર્થ ।
એને કરવું રહ્યું નથી લેશ, આપે છે આપણને ઉપદેશ ॥૪૮॥
આપણે કરીએ છીએ ધ્યાન, ત્યારે રહે છે મન તન ભાન ।
વળી જ્યાં ત્યાં મન દિયે દોટું, જઈ ગ્રહે છે પદાર્થ ખોટું ॥૪૯॥
તે એ જાણે છે મનની ઘાત, નથી એથી અજાણી કોઈ વાત ।
તમે જુઓને સહુ વિચારી, આવા કોઈ દીઠા તન ધારી ॥૫૦॥
બ્રહ્માસૃષ્ટિમાં ન જડે ગોતે, આતો પૂરણબ્રહ્મ છે પોતે ।
સમઝી સંત રહે પરસન, હરે ફરે કરે દરશન ॥૫૧॥
એમ કરતાં વિત્યા નવ માસ, ત્યારે અતિશે થયા ઉદાસ ।

અહો આપણે આ શું જો થયું, કહો કેમ ન ફાટ્યું આ હેયું ॥૫૨॥
જળ કાદવ જુજવી જાતિ, પ્રિતમ વિયોગે ફાટે છે છાતિ ।
જળ મીનની પ્રીત પ્રમાણ, પિયુ વિયોગે પરહરે પ્રાણ ॥૫૩॥
કુંજિસુત વીતે ષટ્ માસ, તજે તન થઈને નિરાશ ।
આતો વીતિ ગયા નવ માસ, એમ કહીને થયા ઉદાસ ॥૫૪॥
કહે મુક્તાનંદને મહારાજ, આપો આજ્ઞા જાઉં દર્શન કાજ ।
તમે કર્યોતો વાયદો જેહ, વિચારોને વીતિ ગયો તેહ ॥૫૫॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે પ્રશ્નોત્તર નામે ચાલીસમું પ્રકરણમ્ ॥૪૦॥